વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનોને વીમા
સહાય યોજના આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૬/૨૮૬૭૮૯/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૭/૦૪/૨૦૧૮.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૨/૦૨/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૮/૨૬/છ.૧

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૧૪/૦૮/૨૦૧૭નો પત્ર નં.અપગ/વિમા પોલીસી/૧૭-૧૮/૨૮૪.

આમુખ :-

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક: (૧)થી જે વિકલાંગ વ્યક્તિઓની વાર્ષિક આવક રૂ.૧.૦૦ લાખથી વધતી ન હોય તેવી વિકલાંગ વ્યક્તિઓના મૃત્યુ પ્રસંગે તેના કુટુંબીજનોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ(૨)થી આ આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ કરવામાં આવેલ હતી.

વિકલાંગોના બહોળા સમુદાયને લાભ આપી શકાય તે હેતુથી વિમા સહાય યોજનાની વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ વધારવાની મંજુરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક: (૩)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગો માટે જૂથ અકસ્માત યોજનામાં વાર્ષિક આવક

મર્યાદા રૂ.૨.૫૦ લાખમાં વધારો કરીને રૂ.૬,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા છ લાખ) કરવાનું ઠરાવવામાં આવે છે.

વિમા યોજનાની બાકીની શરતો/ધોરણો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Ramon
( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- વિમા નિયામકશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.